PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૮/કવા–૦૩/૧૭–૧૮/૯૩૯૧ તા. ૦૭-૧૧-૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
દિલીપભાઈ ગોવિંદભાઈ બારડ,
ઠે. નવા પરા વિસ્તાર,
ગામ: ભુવાટીંબી
તા સુત્રાપાડા,
જી. ગીર – સોમનાથ
મો: ૯૫૧૨૩ ૮૯૦૧૬

વિષય :–નવુ જોડાણ અલગ જગ્યાએ ઉભુ થવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૩–૧૦–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૦૮/કવા–૦૩/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી વેરાવળ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી,પ્રાચી

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૦૮/ક્વા–૦૩/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૦૩–૧૧–૧૭ સ્થળ : પોરબંદર

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: દિલીપભાઈ ગોવિંદભાઈ બારડ, ગામ: ભુવાટીબી**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી દિલીપભાઈ ગોવિંદભાઈ બારડ હાજર રહેલ હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી,પ્રાચી (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી વેરાવળ)**

**રજુઆત કરનાર :ડી.વી.લાખાણી (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી વેરાવળ)**

## : હુકમ :

**ફરીયાદ : નવુ જોડાણ અલગ જગ્યાએ ઉભુ થવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ સુત્રાપાડા તાલુકાના ભુવાટીબી ગામે રહે છે અને તેઓ ભુવાટીબી પાસે આશરે ૧૨ વિઘા ખેતીવાડી માટે ની જમીન ધરાવે છે. તેઓએ પીજીવીસીએલ ની પ્રાચી પેટા વિભાગીય કચેરી મા તા.૧૩–૧૨–૧૦ ના રોજ નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે રૂ.૨૦૦/– ભરપાઈ કરી અને અરજી કરેલ છે. જે અન્વયે તેઓના જણાવ્યા મુજબ ગ્રાહક નં.: ૮૧૩૧૩/૦૦૦૦૦/૦ આવેલ છે. ત્યારબાદ – વર્ષ–૨૦૧૬ મા ઠેકેદાર તરફથી તેઓના ક્વોટેશન અનુસંધાને માત્ર પોલ ઉભા કરેલ છે – ત્યારે મને જણાવેલ કે – તમારી અરજી ના અનુસંધાને મને ભાવપત્રક મળેલ નથી, જે મળી જશે તેમ જણાવેલ. તેમ છતા, અમો પીજીવીસીએલ ની કચેરી મા – અમારા ખેતીવાડી વીજજોડાણ માટે અવાર – નવાર તપાસ કરતા – પીજીવીસીએલ તરફથી જણાવેલ કે, તમારૂ જોડાણ રદબાતલ થયેલ છે. આમ, તેઓની જાણકારી બહાર કાર્યવાહી થયેલ હોય, તેઓનુ નવુ ખેતીવાડી વીજજોડાણ તાત્કાલીક મળે તે માટે– અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર જણાવે છે કે, અરજદાર શ્રી દિલીપભાઈ ગોવિંદભાઈ બારડ દ્વારા સુત્રાપાડા તાલુકાના ભુવાટીબી ગામે સર્વે નંબર: ૮૧ પૈકી ૩ ની જમીન મા નવા ખેતીવાડી વીજજોડાણ માટે તા.૧૩–૧૨–૧૦ ના રોજ રસીદ નં.૫૧૬૧૨૦ થી અરજી ની નોંધણી કરાવેલ હતી. જે હેઠળ અરજદાર ને અગ્રતાક્રમ મુજબ – ભાવપત્રક તા.૨૯–૦૩–૧૬ ના રોજ આઉટવર્ડ નં.–૧૫૩૦ થી, તેમની મુળ અરજી મા દર્શાવેલ પત્ર વ્યહવાર ના સરનામે મોકલવામા આવેલ હતુ. જે ભાવપત્રક ભરપાઈ કરવાની છેલ્લી તારીખ : ૨૭–૦૩–૧૬ હતી. પરંતુ, સદર ભાવપત્રક અરજદાર દ્રારા સમયસર ભરપાઈ કરાયેલ ન હોય, અરજદાર ની સદર અરજી રદબાતલ કરેલ. |
| ૨.૨ | અરજદાર ની ભાવપત્રક ન મળવાની ફરીયાદ ના અનુસંધાને, ઓફિસ રેકર્ડ ની તપાસણી કરતા – અરજદાર ને ભાવપત્રક તા.૨૯–૦૩–૧૬ ના રોજ આઉટવર્ડ નં.–૧૫૩૦ થી મોકલાવેલ છે. પરંતુ – અરજદાર ને ભાવપત્રક કઈ રીતે મોકલાવેલ છે, તે બાબત સ્પષ્ટ થતી નથી. જેથી – આ અંગે વધુ તપાસ કરતા –(૧) સદર ભાવપત્રક અંગે ની વિગત – સ્ટેમ્પ રજીસ્ટર મા પણ જોવા મળેલ નથી – (૨) સદર ભાવપત્રક અંગે ની વિગત – સ્ટેમ્પ રજીસ્ટર મા પણ જોવા મળેલ નથી – જેથી અરજદાર ને ભાવપત્રક અપાયેલ છે કે કેમ તે બાબત નુ ટપાલ કચેરી માથી સર્ટીફીકેટ મળી શકે તેમ નથી – (૩) તેમજ સદર વીજજોડાણ ને રદબાતલ કરવાની કાર્યવાહી કરાયેલ નથી. વધુમા અરજદાર ના માંગણી મુજબ ના સર્વે નંબર મા – નવુ ખેતીવાડી વીજજોડાણ હૈયાત નથી. તેમજ સદર અરજી ના અનુસંધાને – કોઈપણ જગ્યાએ વીજ જોડાણ અપાયેલ નથી. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.ર હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ અન્વયે – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ર.૧ અને ર.ર મુજબ ની વિગતે, રેકર્ડ આધારીત જણાયેલ છે કે – અરજદાર શ્રી ની માંગણી મુજબ ના સર્વે મા નવુ ખેતીવાડી વીજજોડાણ આપવાની કે સદર અરજી રદબાતલ કરવાની – કાર્યવાહી કરાયેલ નથી. સદર બાબત – એટલેકે અરજદાર ને ભાવપત્રક રજીસ્ટર્ડ ટપાલ દ્વારા મોકલેલ હોય – તેવો પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કોઈ આધાર–પુરાવો રજુ કરાયેલ નથી. જેથી, અરજદાર ને ભાવપત્રક ન મળેલ હોય, તેમ ફોરમ કમિટી નુ માનવુ છે. જે અતિ ગંભીર બાબત હોય – જેની દરકાર – જે તે સમય ના અધિકારીઓ / કર્મચારીઓ દ્વારા લેવાયેલ ન હોય, જેથી તે સમય ના અધિકારીઓ / કર્મચારીઓ સામે ખાતાકીય તપાસ કરી અને કસુરવાર સામે પગલા અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ લેવા બાબતે નો, સદર કેસ મા નિષ્કર્ષ કરાયેલ છે. |
| ૩.ર | ઉપરોકત હકીકત ને ધ્યાને લઈ અરજદાર ને તેમના માંગણી મુજબ ના સર્વે નંબર મા નવુ ખેતીવાડી વીજજોડાણ આપવાની કાર્યવાહી – જરૂર જણાયે તાંત્રીક સર્વે કરી – તેમજ જરૂરી આધાર – પુરાવા ની પૂર્તતા નિયમાધીન રીતે અરજદાર શ્રી પાસેથી લઈને – અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા ભાવપત્રક આપવાની કાર્યવાહી પૂર્ણ કરવા સબબ નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો પણ, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ અને ૩.ર મા વર્ણવ્યા મુજબ, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ર.૧ અને ર.ર મુજબ ની વિગતે, રેકર્ડ આધારીત જણાયેલ છે કે – અરજદાર શ્રી ની માંગણી મુજબ ના સર્વે મા નવુ ખેતીવાડી વીજજોડાણ આપવા માટેની કે સદર અરજી રદબાતલ કરવા માટેની – કાર્યવાહી કરાયેલ નથી. સદર બાબત – એટલેકે અરજદાર ને ભાવપત્રક રજીસ્ટર્ડ ટપાલ દ્વારા મોકલેલ હોય – તેવો પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કોઈ આધાર–પુરાવો રજુ કરાયેલ નથી. જેથી, અરજદાર ને ભાવપત્રક ન મળેલ હોય, તેમ ફોરમ કમિટી નુ માનવુ છે. જે અતિ ગંભીર બાબત હોય – જેની દરકાર – જે તે સમય ના અધિકારીઓ / કર્મચારીઓ દ્વારા લેવાયેલ ન હોય, તેથી તે સમય ના અધિકારીઓ / કર્મચારીઓ સામે ખાતાકીય તપાસ કરી અને કસુરવાર સામે પગલા લેવાનો ફોરમ કમિટી આદેશ કરે છે, તેમજ સદર બાબતે કરેલ કાર્યવાહી ની જાણકારી ફોરમ ને કરવાની રહેશે. તેમજ અરજદાર ને તેમના માંગણી મુજબ ના સર્વે નંબર મા નવુ ખેતીવાડી વીજજોડાણ આપવાની કાર્યવાહી – જરૂર જણાયે તાંત્રીક સર્વે કરી – તેમજ જરૂરી આધાર – પુરાવા ની પૂર્તતા નિયમાધીન રીતે અરજદાર શ્રી પાસેથી લઈને – અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા ભાવપત્રક રજીસ્ટર્ડ ટપાલ દ્વારા આપવાની કાર્યવાહી પૂર્ણ કરવા સબબ નો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી)**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધ હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.